View this email in your browser



# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives

## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ છે.

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

Learn more

February 2025 | Issue No. 63 | A monthly newsletter

સ્નેહી વાચક મિત્રો,
પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા સમાવેશી સમુદાયની સફરના પ્રયાસોની અહી દર મહીને ઝાંખીને પ્રસ્તુત કરી રહ્યા છીએ. આ કાર્યના સમૃદ્ધ અનુભવનો આપ અહેસાસ કરી શકો તથા આપ દ્વારા આ દિશામાં અમોને સતત સહયોગ અને માર્ગદર્શન મળતા રહે તેવી અપેક્ષા છે.

અમને આ સફરમાં સતત મળી રહેતા આપના પ્રોત્સાહન માટે આભાર...

## રમતગમત દ્વારા વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા બાળકોને સશક્ત બનાવવું



પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન બાળકોના સર્વાંગી વિકાસની કલ્પના કરે છે, તેમને સામાજિક પ્રવૃત્તિઓમાં એકીકૃત થવા અને તેમની આસપાસના વાતાવરણમાં સહજતા અનુભવવા માટે તૈયાર કરે છે. આ માટે વિવિધ માધ્યમોમાંથી સ્પેશિયલ સ્પોર્ટ્સ મહાકુંભ એક અસરકારક માધ્યમ છે જે સમાવેશકતાને પ્રોત્સાહન આપતી અને દિવ્યાંગ ખેલાડીઓને તેમની પ્રતિભા દર્શાવવાની તકો પૂરી પાડતી પહેલ છે.
૨૦૧૦માં શરૂ થયેલો ખાસ રમત મહાકુંભ પ્રભાતના મિશનનો અભિન્ન ભાગ બની ગયો છે. દર વર્ષે, પ્રભાત તેના બાળકોને આ કાર્યક્રમમાં નોંધણી કરાવે છે, તેમને વિવિધ રમતો માટે તૈયાર કરે છે. શરૂઆતમાં, પ્રભાતે માતાપિતા સાથે મળીને કામ કર્યું જેથી તેમના બાળકોની ભાગીદારીને પ્રોત્સાહન મળે. આજે, બાળકો મોટી સંખ્યામાં ભાગ લે છે, અને માતાપિતા તેમના બાળકોની રમતગમતની સફરને ટેકો આપવા માટે સક્રિયપણે સામેલ છે. પ્રભાત તેમને બાળકો માટે મોટા સપના જોવા પ્રોત્સાહિત કરે છે, જેનાથી ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકોને મર્યાદિત કરતી માનસિકતા દૂર થાય છે.





| નામ | રમત | ક્રમાંક |
|---|---|---|
| ફૂઝૈલ હુસેન જાકીર હુસેન અન્સારી | 25 મીટર દોડ | પ્રથમ |
| આશિષ અમરભાઇ શાહ | 50 મીટર વોક | દ્વિતીય |
| રૂતુરાજ નરેન્દ્રસિંહ ઝાલા | 100 મીટર વોક | તૃતીય |
| ધ્વની મનોજભાઇ શર્મા | બોચી | પ્રથમ |
| પ્રેમ રૂપાભાઇ ગેડિયા | 50 મીટર દોડ | દ્વિતીય |

આ વર્ષે 5 બાળકો વિજેતા બન્યા હતા. જેમાંથી ફુઝૈલની માતા, જેમના બાળકે આ વર્ષે પ્રથમ સ્થાન મેળવ્યું હતું, તેમણે પોતાની ખુશી અને ગર્વ વ્યક્ત કરતા કહ્યું કે, "અમે ખૂબ ખુશ હતા, અમારા સંબંધીઓ અને પડોશીઓ પણ અભિનંદન આપ્યા. આ બધું બાળકના વિકાસ માટે મદદરૂપ બને છે."

પ્રભાતના સ્પેશયલ એજ્યુકેટર જણાવ્યું હતું કે "બાળકો તેમની રમતગમતની પસંદગી કરતાં થયા છે અને હવે રમત બાદ તેમના પ્રદર્શન વિશે પ્રશ્નો પણ પૂછે છે. આ એક બાળક માટે બહાર આવીને ચમકવાની તક છે."

સ્પેશિયલ સ્પોર્ટ્સ મહાકુંભમાં ભાગીદારી સર્વાંગી વિકાસ અને સમાવેશ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. રમતગમત દ્વારા ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકોને સશક્ત બનાવીને, પ્રભાત તેમને સમાજમાં એકીકૃત થવા, તેમનો આત્મવિશ્વાસ વધારવા અને સહાયક સમુદાયને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે.

*તૈયાર કરનાર : કિશોર વાઘેલા – સ્પેશયલ એજ્યુકેટર*

## કાર્યક્રમની ઝલક

### પ્રભાતની વાર્ષિક રિટ્રીટ

ટીમને નવી ઉર્જા અને આગામી વર્ષ માટેના વ્યુહાત્મક આયોજન માટે ટીમની ચાર દિવસીય રિટ્રીટ કરવામાં આવી હતી. ટીમને વધુ નજીક આવવાનો આ અવસર હતો. તો સાથે ગત વર્ષના અનુભવો ને વાગોળવાની સાથે થયેલ શીખને ઉજાગર કરવામાં આવી હતી. આમ, મહિનાની શરૂઆત રોમાંચક અને ઉત્સાહભેર રહી હતી.





આ રિટ્રીટમાં મહત્વપૂર્ણ ક્ષમતા નિર્માણ સત્રો સાથે ટીમ નિર્માણ માટેની પ્રવૃત્તિઓની સાથે પહાડી વિસ્તારની કુદરતી સુંદરતાનું મિશ્રણ ખુબ જ રોમાંચક અનુભવ ટીમ માટે બની રહ્યો. આવનાર વર્ષ માટે પ્રભાતની પ્રાથમિકતાઓની ઓળખ અને પ્રભાતની સંગઠનાત્મક વ્યૂહરચનાને સુધારવા માટે વિચારમંથન સત્રોને આયોજિત કરવામાં આવ્યા હતા. જેનાથી પ્રભાતના ભવિષ્ય માટે એક સઘિયારો દ્રષ્ટિકોણ બન્યો.

વ્યૂહાત્મક આયોજન ઉપરાંત, આ ટીમ બોન્ડિંગ માટે અમૂલ્ય તક બની હતી. ઘણા સ્ટાફ સભ્યોએ રાજ્યની બહારની તેમની પહેલી સફર તો વળી પરિવારથી દૂર રહેવાનો અનુભવ પણ કર્યો. આ દરેકને લીધે અહી યાદગાર ક્ષણો બની તો એકબીજા સાથેના સંબંધો વધુ મજબુત બન્યા.

વિવિધ માધ્યમોને લીધે ટીમને એકબીજાના નવા પાસાઓ શોધવાની તક મળી, મનોબળ વધ્યું અને એકતાની ભાવનાને પ્રોત્સાહન મળ્યું. આ રિટ્રીટમાં વ્યૂહાત્મક આયોજન અને ટીમના કાયાકલ્પને સફળતાપૂર્વક જોડવામાં આવ્યો, જેનાથી પ્રભાતના સતત વિકાસ અને પ્રભાવ માટે મજબૂત પાયો નંખાયો.

### સમાવિષ્ટ આંગણવાડીઓ તરફ: એક પગલું આગળ



પ્રભાત સમાવિષ્ટ આંગણવાડી માટેની પ્રક્રિયામાં આગળ વધી રહ્યું છે. જેમાં આંગણવાડીની પસંદગી પ્રથમ અને મહત્વનું ચરણ છે. આ મહિનામાં ટીમે પ્રભાતના કાર્યક્ષેત્રના વિસ્તારોમાં 44 આંગણવાડીઓની મુલાકાત લીધી હતી જેમાં તે જગ્યાનું માળખું, ઉપલબ્ધતા અને ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકોની હાજરીનું મૂલ્યાંકન મુલાકાતનો ઉદેશ્ય હતું. ભાઇપુરા વોર્ડની 22 આંગણવાડીના કાર્યકર મહિલાઓ

સાથે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ્રભાતના કાર્ય - પ્રવૃત્તિનો ચિતાર આપવામાં આવ્યો.





### જેકોબ્સ સોલ્યૂશન્સના પ્રતિનિધિઓ પ્રભાતની મુલાકાતે

પ્રભાતની સમાવેશી સમુદાયની સફરમાં મહત્વના સાથી કે જે આર્થિક ટેકો કરી પ્રભાતને સમુદાય સાથે કાર્ય કરવા માટે ટેકો કરી રહ્યા છે એમાં જેકોબ્સના પ્રતિનિધિ સુનીલભાઇ અને પંકજભાઇ દ્વારા પ્રભાતની મુલાકાત કરવામાં આવી. વિશેષ કરીને આંગણવાડી અને હોમબેઝના કાર્યક્રમને અન્વયે તેમને હિતધારકો સાથે મુલાકાત કરી. આ પ્રક્રિયામાં માતાપિતા સાથેનો સંવાદથી થઇ રહેલ કાર્યને તેઓ અનુભવી શક્યા અને સંતોષની લાગણી વ્યક્ત કરી. સાથે પ્રભાતની સર્વાંગી વિકાસની સાથે બાળકની આસપાસના તમામ હિતધારકો (ઈકોસિસ્ટમ )સાથે કાર્ય કરવાની શૈલીથી તેઓ પ્રભાવિત થયા. આ બેઠકથી પ્રભાત ટીમને નવા દ્રષ્ટિકોણથી તેમના કાર્યનું પુનર્મૂલ્યાંકન કરવાની તક મળી. આ મુલાકાત પ્રભાતે પોતાના પ્રયાસોને મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરીને જેકોબ્સ સાથે વધુ સમાવિષ્ટ સમુદાયના નિર્માણ માટે ઊંડી ભાગીદારીને પ્રોત્સાહન આપ્યું.

## એડવોકસી અને નેટવર્કિંગ

### દરેક બાળક માટે દોડ: પ્રભાતની ભાગીદારી



પ્રભાતના બાળકો રન ફોર હોપ: એવરી ચાઇલ્ડ ડિઝર્વ્સ અ ચાઇલ્ડહુડમાં જોડાયા, જે aProCh દ્વારા બાળપણના આનંદ અને સ્વતંત્રતાની ઉજવણી માટે આયોજિત એક કાર્યક્રમ છે. આ દોડમાં 700 થી વધુ સહભાગીઓ - નાના બાળકોથી લઈને વરિષ્ઠ નાગરિકો સુધી હતા.જેમાં તેમને 1, 3 અને 5 કિમીની કેટેગરીસ તેમજ ઝુમ્બા, વોર્મ-અપ્સ, રમતો અને મનોરંજક પ્રવૃત્તિઓનો સમાવેશ થયો હતો.

### નિરમા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની મુલાકાત



પ્રભાતના સતત હિમાયત (એડવોકસી) અને નેટવર્કિંગ પ્રયાસોના ભાગ રૂપે નિરમા યુનિવર્સિટીના આર્કિટેક્ચર વિભાગના વિદ્યાર્થીઓએ આ મહિને અમારા ભાઈપુરા કેન્દ્રની મુલાકાત લીધી. બાળકો સાથે સંવાદ દ્વારા, તેમણે દિવ્યાંગતા અને સમાવેશની ઊંડી સમજ મેળવી, તેમજ વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા બાળકો માટે સમુદાય-આધારિત અને કેન્દ્ર-આધારિત સહાય માટે પ્રભાતના અભિગમ વિશે પણ શીખ્યા.

આ રીતે પ્રભાત સમાવિષ્ટ જગ્યાઓ પર જાગૃતિ અને સંવાદનું નિર્માણ કરવાના સતત પ્રયાસો કરતુ હોય છે અને ભવિષ્યના આર્કિટેક્ટ્સને તેમના કાર્યમાં સુલભતા અને સાર્વત્રિક ડિઝાઇનને ધ્યાનમાં લેવા પ્રોત્સાહિત કરીએ છીએ.

### NID ના પ્રોટોટાઇપ શોકેસમાં પ્રભાત



NIDના વિદ્યાર્થીઓએ તાજેતરમાં તેમના કેમ્પસમાં એક પ્રદર્શનમાં તેમના દ્વારા બનાવવામાં આવેલ પ્રોટોટાઇપ્સનું પ્રદર્શન કર્યું હતું, જેમાં વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા બાળકો માટે બનાવેલી ડિઝાઇનનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રભાતના બાળકોએ તેમના વાલીઓ અને સ્ટાફ સાથે પ્રદર્શનની મુલાકાત લીધી અને ઉભરતા ડિઝાઇનરોને મૂલ્યવાન પ્રતિસાદ અને પ્રોત્સાહન આપ્યું. આ મુલાકાત માત્ર પ્રેરણાદાયક આદાન-પ્રદાન જ નહીં, પણ એક મનોરંજક દિવસ પણ હતો જેણે બાળકો અને વાલીઓને ડિઝાઇન કેવી રીતે સમાવેશ અને સુલભતાને ટેકો આપી શકે છે તે જોવાની તક સાંપડી હતી.

**નોરક્વેસ્ટ કંપનીના પ્રતિનિધિની સેન્ટરમાં મુલાકાત**



પ્રભાત બાળકોની સ્થિતિ અને કુશળતાને ધ્યાનમાં રાખીને વોકેશનલ કાર્યક્રમની વિવિધ પ્રવૃતિઓ કરે છે જેમાં તેઓ અર્થોપાર્જન કરી શકે તે માટે વિવિધ ઉદ્યોગો સાથે પ્રભાત અનુકુળ વાતાવરણ મળી રહે તેવા સંવાદો અને પ્રક્રિયા હાથ ધરે છે. જેના ભાગરૂપે નોરક્વેસ્ટ કંપની સાથે પ્રભાતનું જોડાણ થયું છે અને પ્રભાતના વોકેશનલ યુનિટના વ્યક્તિઓ તેનો ભાગ પણ બન્યા છે.

આ કંપનીના પ્રતિનિધિ જયશ્રીબેને પ્રભાતના ભાઇપુરા સેન્ટરના વિશેષ વોકેશનલ યુનિટની મુલાકાત કરી હતી. આ કંપની અમારા બાળકો વિશે વધુ સારી સમજ મેળવી કાર્યને વધુ સારી રીતે કરી શકે તે માટે મુલાકાત લેવામાં આવી હતી .

## મારી વાત

**ઉનાળાની ગરમીએ બાળકોને સમાવેશી અભિગમની 'ટાઢક' આપી.**



પ્રભાત હંમેશા સમુદાય અને વિદ્યાર્થીઓને સમાવેશી અભિગમની સમજ આપવા માટે તેમને વ્યક્તિગત સ્તરે લાગણી અનુભવાય તેવા વ્યવહારિક દાખલાઓ કરતુ હોય છે. જેનો એક ભાગ હતું કાંકરિયા ગુજરાતી શાળા નંબર 8 ના રિસોર્સ રૂમના બાળકો સાથે ધોરણ 6 અને 8 ના વિધાર્થીઓ અને વાલીઓ સાથેની લીંબુ પાણી બનાવવાની રોમાંચક પ્રવૃત્તિ. અહી સ્વ-સંભાળથી લઇને કુશળતા અને ઉનાળામાં ઉર્જા બુસ્ટર બનાવવાની પ્રક્રિયા બાળકોએ શીખી. આ સાથે જે બન્યું તે અત્યંત મહત્વનું હતું.

લીંબુપાણી બનાવવાની પ્રવૃત્તિ ભલે નાની હોય પણ તેની જે પ્રક્રિયા રહી તે અદભૂત હતી. જે રીતે સ્વજન માટે કશુક બનાવીએ અને તેને આપીએ તે જે લાગણી છે તેનો અહેસાસ બંને વ્યક્તિને થાય છે, એવો જ ' અમેપણા'નો અહેસાસ દરેકે અહી અનુભવ્યો હતો. રિસોર્સરૂમના બાળકોએ આ પ્રવૃત્તિ દ્વારા આનંદદાયક અને સમાવિષ્ટ વર્ગખંડનો અનુભવ કર્યો.

વટવા સેન્ટરના બાળકોએ શાંતિવન જૈનાશ્રમ ની મુલાકાત લીધી અને મસ્તી અને મોજ કરી. સ્વાદિષ્ટ ભોજનની સાથે એમને બેગ ની ભેંટ પણ આપવામાં આવી. આ પ્રકારના આયોજનથી બાળકો વધુ સામાજિક બને છે.

## ઘરોબો

**ભાઇપુરામાં : ' હોમબેઝ પોગ્રામ' ની શરૂઆત !**

પ્રભાત જરૂરિયાત આધારિત સંસ્થા છે. તેથી જ ભાઇપુરા વિસ્તારના સર્વે અને સમુદાય સાથેના સંવાદોને અંતે 'હોમ બેઝ પોગ્રામ ' ની શરૂઆત આ મહિનાથી કરવામાં આવી છે. આપ જાણો છો તેમ જે બાળક તેની સ્થિતિને લીધે ગતિશીલતાના પડકારો અનુભવે છે તેવા બાળકોને તેના ઘરે જ ઉપચાર, પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને જીવન જીવવા માટે દૈનિક પ્રવૃતિઓ માટે તૈયાર કરવા પ્રભાતની ટીમ નિયમિત મુલાકાત કરી પ્રવૃતિઓ સેવા આપે છે. આ સમુદાય આધારિત પુન:વસન કાર્યક્રમનો જ એક ભાગ છે.



અમને સંતોષ છે કે, પ્રભાત વધુ જરૂરીયાત ધરવતા લોકો સુધી પહોંચી શક્યું છે અને તેઓ પ્રભાતની સમાવેશી સમુદાયની આ સફરમાં સાથી બન્યા છે.

**સહાયક સેવાઓ**

મેડીકલ સર્ટીફીકેટ -03 ફોર્મ , રેલ્વે પાસ માટેના ફોર્મ -05, સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ -05, પેન્શન માટેના ફોર્મ -04 માટે પ્રક્રિયા કરવામાં આવી.
ઉપરાંત, દિવ્યાંગ વ્યક્તિઓને 8 વ્હીલચેર અને 29 એમઆર કીટનું પણ વિતરણ કરવામાં આવ્યું.

## રિસોર્સ કોર્નર

ગુજરાત સરકારે 3 ફેબ્રુઆરી, 2025 ના રોજ "દિવ્યાંગજન" (વિકલાંગ વ્યક્તિઓ) માટે યોગ્ય પરિભાષાના ઉપયોગ અંગે એક ઠરાવ (GR) બહાર પાડ્યો છે. જેમાં "વિકલાંગ," "અપંગ," અને "ક્ષતિગ્રસ્ત" જેવા શબ્દો ટાળવામાં આવ્યા છે. આ ઠરાવ સત્તાવાર દસ્તાવેજો, યોજનાઓ અને સંદેશાવ્યવહારમાં ઉપયોગમાં લેવાતી યોગ્ય પરિભાષા અંગે સ્પષ્ટ માર્ગદર્શન પૂરું પાડે છે.

*Copyright (C) 2024 Prabhat Education Foundation. All rights reserved.*

Want to change how you receive these emails?
You can update your preferences or unsubscribe